ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



યોગેશ બી નાયી
સરપંચ, કોબા ગ્રામ પંચાયત
(૧૫-૮-૧૯૭૫) મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧



જયરાજસિંહ સરવૈયા
મો. ૯૮૨૫૨ ૫૩૯૩૩
ઉપપ્રમુખ, કલાગુર્જરી
કારોબારી સભ્ય, ગાંધીનગર
કલ્ચરલ ફોરમ, શિવરંજની



જમનાબેન પટેલ
(૧૫-૮-૧૯૩૭)
ફોન : ૨૩૨૨૩૭૨૭



કિન્નર ઝવેરી
(૧૫-૮-૧૯૭૪) કારોબારી
સભ્ય, ગાંધીનગર કલ્ચરલ
ફોરમ, મો. ૯૮૨૪૦ ૨૧૧૩૫



સુધાબેન યોગેન્દ્રકુમાર સોની
(૧૫-૮-૧૯૫૧)
ફોન : ૨૩૨૪૪૦૫૭



સુરેશકુમાર રત્નોત્તર
(૧૫-૮-૧૯૬૦)
ગાયક, મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩



મંદાબેન ધોળકિયા
(૧૫-૮-૧૯૫૨) ફોન : ૨૩૨૪૪૦૫૭
સભ્ય, અખિલ ભારતીય
સામાજિક સ્વાસ્થ્ય સંઘ



જગદીશચંદ્ર રણછોડલાલ મહેતા
(૧૬-૮-૧૯૪૦) સાધક,
બ્રહ્માકુમારીઝ, મો. ૯૬૩૮૮ ૩૭૫૦૨



સુશીલાબેન હેમચંદ્ર થોરાત
(૧૫-૮-૧૯૪૭) મો. ૯૪૨૭૦ ૫૪૧૧૩



પુરષોત્તમભાઈ શર્મા
(૧૫-૮-૧૯૪૭) મો. ૭૩૮૩૦ ૫૪૭૪૩



જયંતકુમાર બી રાવલ
(૧૫-૮-૧૯૫૬), કા.સભ્ય
ગણપતિ ફાઉન્ડેશન, મો. ૯૪૨૬૩ ૨૮૯૩૯

## વિદ્યાભારતી અધ્યયન કેન્દ્ર ખાતે ધ્વજવંદન

ગાંધીનગર, તા. ૧૪

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દ્વારા આવતીકાલે ધ્વજવંદનનો કાર્યક્રમ સવારે ૯ કલાકે સૅક્ટર-૨૨ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે એમ ટ્રસ્ટી હેમેન્દ્રભાઈ દવે દ્વારા જણાવવામાં આવ્યું છે.

## મેરા ભારત મહાન ફૅન ક્લબ આજે તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૪

મેરા ભારત મહાન ફૅન ક્લબ, ગાંધીનગર દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી તેમજ તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો એક કાર્યક્રમ સ્વતંત્રતા દિવસે આયોજિત કરવામાં આવ્યો છે. શનિવારે સવારે ૮ કલાકે અપના બજાર ગ્રાઉન્ડ, સૅક્ટર-૬ એ ખાતે આ કાર્યક્રમ યોજાશે.

## સિધ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

મહિલા સશક્તિકરણ પખવાડિયા નિમિત્તે આયોજિત એક કાર્યક્રમના ભાગરૂપે સિધ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા કૉલેજથી ઘ-૫ સુધી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સૅ. ૨૩માં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૪

સૅક્ટર-૨૩ માઈ મંડળ દ્વારા વરદાયિની ચોક મંદિર, સૅક્ટર-૨૩ ખાતે શ્રાવણ સુદ એકમ ને શનિવારના રોજ આનંદના ગરબાનું આયોજન બપોરે ૩.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. સૌ ભાવિકોને આ પ્રસંગે પધારવા મંડળ દ્વારા ભાવભીનું ઈજન પાઠવવામાં આવ્યું છે.

## સૅક્ટર-૨૮ ખાતે લઘુ રૂદ્રાભિષેક

ગાંધીનગર, તા. ૧૪

સૅક્ટર-૨૮માં સ્થિત ત્રિમૂર્તિ દત્ત મંદિર ખાતે શનિ-રવિ દરમ્યાન શિવમહિમ્ન સ્ત્રોતથી દત્ત ભગવાનની પ્રતિમા પર લઘુ રૂદ્રાભિષેકનું આયોજન સાંજે ૫-૩૦થી રાત્રે ૧૦ દરમ્યાન કરવામાં આવ્યું છે.

## ગાંધીનગરના આલોક બ્રહ્મભટ્ટની લેહ સુધીની ૫૫૦ કિમીની કપરી સાયકલ યાત્રા સફળતાપૂર્વક સંપન્ન




ગાંધીનગરના યુવાન-સાહસિક ફોટો જર્નાલિસ્ટ આલોક બ્રહ્મભટ્ટે મનાલીથી લેહ સુધીની કપરી ૫૫૦ કિલોમીટરની સાયકલ યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આલોક બ્રહ્મભટ્ટની સાયકલ યાત્રા વિશ્વના સૌથી ઉંચાણવાળા મોટરેબલ માર્ગ પર થઈને ૧૮૩૮૦ ફૂટની ઉંચાઈએ આવેલા ખારદુંગલા ટોપ પર સંપન્ન થઈ છે. શ્રી આલોક બ્રહ્મભટ્ટ ૨૭મી જુલાઈએ ગાંધીનગરથી મોટર માર્ગે નવી દિલ્હી અને ત્યાંથી મનાલી જવા નિકળ્યા હતા. ૩૧મી જુલાઈએ મનાલીથી તેમની સાયકલ યાત્રા શરૂ થઈ હતી. અત્યંત કપરા ચઢાણો અને ઑક્સિજન વિહોણા વિસ્તારોમાંથી સાયકલ માર્ગે પ્રવાસ કરીને તેઓ લેહના ખારદુંગલા-નુબ્રા પહોંચ્યા છે. શ્રી આલોક બ્રહ્મભટ્ટે આજે ટેલીફોનીક વાત દરમિયાન જણાવ્યું હતું કે, 'સાયકલીંગ એ સ્વાસ્થ્ય મેળવવાનું અને કેળવવાનું સશક્ત માધ્યમ છે જ. માત્ર એટલું જ નહીં સાયકલ સવારીએ મને મારી જાત સાથે વધુ ગાઢ રીતે જોડ્યો છે. લેહના સૌંદર્યમાં જ દિવ્ય અનુભૂતિ છે. સાયકલીંગથી મને સ્વયં સાથે સાયુજ્ય કેળવતી આધ્યાત્મિક અનુભૂતિ થઈ છે.'

૩૧ વર્ષીય શ્રી આલોક બ્રહ્મભટ્ટે ૫૫૦ કિલોમીટરની આ સાયકલ યાત્રા વિશેષ પ્રકારની માઉન્ટેન બાઈક સાયકલ દ્વારા પૂર્ણ કરી છે. આ સાયકલ યાત્રા ને ગુજરાતના જાણીતા ઉદ્યોગ સંગઠન-અદાણી ગૃપનો સહયોગ સાંપડ્યો છે. ગાર્મિન નામની આંતરરાષ્ટ્રીય કંપનીએ આ યાત્રા માટે જી.પી.એસ. ડીવાઈસ, નેવિગેશન સિસ્ટમ અને હેલ્થ ચેક-અપ સિસ્ટમ પુરી પાડી હતી. અમદાવાદના બે સાહસિક યુવાનો શ્રી પાર્થ બ્રહ્મભટ્ટ અને શ્રી પાર્થ ચૌધરી પોતાની થાર-જીપ સાથે સહયોગમાં જોડાયા હતા.

## આઝાદી દિનની યાદગાર પોસ્ટલ સ્ટૅમ્પ




આઝાદી વેળા બહાર પાડવામાં આવેલી આ યાદગાર પોસ્ટલ સ્ટૅમ્પ ગાંધીનગરના રહેવાસી ઍસ વાય ભટ્ટના સ્ટૅમ્પ કલૅક્શનમાંથી લેવામાં આવી છે. સ્ટૅમ્પ બહાર પાડવામાં આવી ત્યારે તેઓની વય હતી આઠેક વર્ષ, તેઓ વડતાલ રહેતા હતા અને ત્યાંથી નડિઆદનું અંતર બાર ગાઉ જેટલું હતું. તેમ છતાં તેઓ ચાલીને નડિઆદ પહોંચ્યા હતા અને આ સ્ટૅમ્પ ખરીદી હતી. તેઓની પાસે આવી અલભ્ય સ્ટૅમ્પ્સનો તો ભંડાર ભર્યો છે. બીજા વિશ્વયુદ્ધ પછી દેશમાં બહાર પાડવામાં આવેલી બધી જ પોસ્ટલ સ્ટૅમ્પ્સ તેમના કલૅક્શનમાં છે.

સ્વતંત્રતા પર્વના આ દિવસે તારીખનો સુયોગ છે : ૧૫-૮-૧૫. એ સુયોગે સ્વતંત્રતા પર્વને યાદ કરવા તેમણે ખાસ આ સુવર્ણ યાદ વાચકોને અર્પણ કરી છે!

## મનોરંજન

**સિનેમેક્સ**

સ્કીન-૧
બ્રધર્સ
સવારે ૮.૦૦, ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦

સ્કીન-૨
બ્રધર્સ
સવારે ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

સ્કીન-૩
બ્રધર્સ
સવારે ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૩૦, ૧૦.૪૫

સ્કીન-૪
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
સવારે ૧૦.૧૫, ૪.૧૦
બજરંગી ભાઈજાન
૧.૦૦
બાહુબલિ
૬.૫૫
દશ્યમ
૧૦.૧૫

**સિટી પલ્સ**

સ્કીન-૧
બ્રધર્સ
૩.૦૦, ૬.૩૦, ૯.૪૫

સ્કીન-૨
બ્રધર્સ
૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૧૫
દશ્યમ
૭.૦૦

સ્કીન-૩
મિશન ઈમ્પોસીબલ (હિન્દી)
૫.૧૫
મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી)
૭.૪૫
બ્રધર્સ
સવારે ૧૧.૦૦, ૨.૦૦

સ્કીન-૪
દશ્યમ
૧.૦૦
બજરંગી ભાઈજાન
૪.૪૫
ગૌર હરી દાસ્તાન
૭.૩૦
બાહુબલિ
૯.૪૫

સ્કીન-૫
બ્રધર્સ
સવારે ૧૦.૦૦
દશ્યમ
૪.૦૦, ૧૦.૦૦

## સ્વાતંત્ર્યનાં કાવ્યો

### તિરંગો છું

તિરંગો છું, બધા વાતો તો બસ મોટી જ કરવાના,
ખરેખર કેટલા મારા ઉપર જીવવા કે મરવાના ?
કવિનું કામ શું છે કે અરથ શબ્દોનો શું કરવો ?
ખબર છે રાષ્ટ્રગીત છે, ગણગણ બધા જ કરવાના.
ખબર પડતી નથી, નાદાન છે એવું નથી દોસ્તો,
વરસમાં બે દિવસ તો એય ખાદીમાં જ ફરવાના.
તેઓ તો રોજ નીકળે છે પરંતુ ધ્યાન પણ નથી,
વિદેશી એક આવે તો પછી આશ્રમમાં ફરવાના.
સુખદેવ હો, ભગતસિંહ હો કે પછી શ્યામજી વર્મા,
પરીક્ષામાં દરેકના ગુણ કેવળ ચાર મળવાના.
લડાખની ઠંડી જેણે જોઈ છે એ એકવાર બોલો,
જવાનો હોય ના અગર દિવાળી કેમ કરવાના ?
ઢગલો જોઈએ સહીઓ તો અરજી લાવ યાકુબની,
કલામ રહે કે ના રહે, છતાં મહેફિલ તો કરવાના.
આઝાદ દેશ આ થયો ને રૂપિયો થઈ ગયો મોટો,
રૂપિયાના તિરંગા ત્રણ, કોઈનું પેટ ભરવાના.
-મુકેશ જોષી

### અમર આઝાદીની ઉષા આજ આવી

મહોબ્બતની કો' પાક ઝમઝમ વહાવી;
ઈન્સાનિયતના ચમનને ખિલાવી;
સદા ધર્મ-જાતિના ભેદો ભુલાવી;
અમર આઝાદીની ઉષા આજ આવી.
રહી મગરૂરીથી ના શિરને ઝુકાવી;
ભલે ને દિયે કોઈ આ હસ્તી મિટાવી.
પરસ્પરના હૈયે સદા પ્રીત જગાવી;
અમર આઝાદીની ઉષા આજ આવી.
ફક્ત આરઝૂ એક દિલમાં વસાવી;
વતન પર શહાદતની બાજી લગાવી.
પ્યારા ગાંધી બાપુની ધૂમ એક મચાવી;
અમર આઝાદીની ઉષા આજ આવી.
શહીદોની યાદોના દીપક લાવી;
અજબ રંગેરૌનક ત્રિરંગાની લાવી.
રૂડા દેશ ભારતને નંદન બનાવી;
અમર આઝાદીની ઉષા આજ આવી.
ખુશી-હેતની મીઠી સરગમ બજાવી;
હરેક દીન-હીનને જિગરમાં બિઠાવી.
ઉરે કૈ મહેચ્છાઓ મોંઘી સજાવી;
અમર આઝાદીની ઉષા આજ આવી.
-ભરત કવિ

### બ્યુગલો પણ યુધ્ધનાં ફૂંકાય છે !

છમકલાં નહિ, વિસ્ફોટ સરહદે થાય છે,
ભંગ સુલેહ શાંતિનો છડેચોક થાય છે !
દોર છૂટો નહિ મળે જ્યાં સુધી સૈન્ય ને,
ત્યાં સુધી જવાન આપણા શહીદ થાય છે !
પયગામ શાંતિનો લઈ, કૃષ્ણ ગયા તે છતાં,
કૌરવો ના માનતા, મહાભારત સર્જાય છે !
આપ્યા પુરાવા તોય પણ નનૈયો ભણ્યા કરે,
વિશ્વની નજરમાં ગદ્દાર એ કહેવાય છે !
નકશા પરથી દૂર કરવાની નથી ઈચ્છા જરાય,
શું કરીએ ? એના જ પાપે એ હવે બંધાય છે !
હસ્તક્ષેપ કોઈનો ના પાલવે હોય સુરક્ષા રાષ્ટ્રની,
દેશદ્રોહીને એટલે ફાંસીએ લટકાવાય છે !
સરહદો સહનશીલતાની જાય તૂટતી તે પછી,
'શરમાળ' બ્યુગલો પણ યુધ્ધના ફૂંકાય છે.
-જગદીશ ગોર 'શરમાળ'

# તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી ! મુરદાં મસાણેથી જાગતાં-એવી શબ્દમાં શી સુધા ભરી !



પ્રસંગસર
રણછોડ વી પરમાર

નવરાત્રી પૂરી થાય કે તરત જ ઉમંગી મહિલાઓનાં મનમાં દિવાળીની ઉજવણીનો વરતારા શરૂ થઈ જાય છે. કેટલીક અતિઉમંગી વહુવારુઓ (ખાસ તો નવી) તેમની સાસુઓના માર્ગદર્શન સ્વીકારી નોરતાંની બપોરોમાં જ ચોમાસાનો ભેજ કાઢવા માટે ધાબે ગોદડાં તપાવવા પાથરવા માંડે છે. બસ આ જ રીતે જેવો ઑગષ્ટ માસનો પ્રારંભ થાય છે કે સ્વતંત્ર ભારતના, સ્વતંત્ર નાગરિકોના, સ્વતંત્ર દિમાગમાં લેખકો, કવિઓ અને હવે ચૅનલો દ્વારા પ્રેરીત દેશપ્રેમ થનગનવા માંડે છે. આપણામાંના હવે મોટાભાગના લોકોએ આઝાદ ભારતમાં જન્મ ધારણ કર્યો છે. એમને એ ગુલામ ભારતની અને સ્વાતંત્ર્ય ચળવળની હવા કેવી અને કઈ રીતે વહેતી હતી એની કલ્પના કઈ રીતે આવે ? એનો પ્રભાવ ઝીલવા પુનઃ આપણે એ જ લેખકો, કવિઓ અને ચૅનલ-વાળાઓના શરણે જવું પડે. દિવાનખંડની શોભા વધારતા ટચૂકડા બોલતા પડદે આપે અનેક ગીતો, પ્રવચનો સાંભળ્યા હશે. તેમાં 'હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' જેવું અમર ગીત લખનાર શ્રી ઝવેરચંદ મેઘાણીને પણ આપે જરૂર સાંભળ્યા હશે. આપણે સૌ સ્વતંત્ર ભારતમાં જન્મ્યા હોઈ જન્મથી જ સ્વતંત્રતાની મીઠાશ માણી રહ્યા છીએ. એનો અનુભવ કોઈને કહેવો હોય તો વાણીસ્વાતંત્ર્ય, ધર્મસ્વાતંત્ર્ય જેવી બે-ત્રણ વાતો કરીને આપણી જિહ્વા મૂંગી થઈ જાય. નદીકાંઠે વસનારાને તરસનો મહિમા ઝટ સમજાય નહીં એવી આ વાત છે. તો શ્રી મેઘાણીભાઈએ કેવી રીતે વર્ણવી હતી આ મીઠાશ ? સાંભળો...

તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી !
મુરદાં મસાણેથી જાગતાં-એવી શબ્દમાં શી સુધા ભરી !

એ જમાનામાં એવું કહેવાતું હતું કે કોઈ સ્મશાનમાં જઈને જોશથી પોકારે કે 'ભારત માતાની...' તો એનો જવાબ આપવા મૃતદેહો પણ ઊભા થઈ જતા. તમને કદાચ અતિશયોક્તિ લાગે તો ભલે પણ અંગ્રેજો જે રીતે તેમના બોરિયાંબિસ્તર બાંધીને ભાગ્યા તે જોતાં વાત ખરી જ લાગે છે. કવિ આ વાત નીચેની પંક્તિથી સમજાવે છે :

પૂછી જોજો કોઈ ગુલામને
ઊઠ્યા કેવા ઓઘ એના મને
મળી મુક્તિ મંગલ જે દિન
એને કાને શબ્દ પડ્યો 'તું સ્વાધિન !
શી ઓહો સુખની ઘડી !'
એની આંખ લાલમલાલ છાતીમાં છોળો છલકાઈ પડી !
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા...

જેણે ગુલામી જોઈ હતી, ગુલામીના સિતમ સહ્યા હતા, આઝાદી માટે ગરીબ માતાપિતા અને ઘરબાર બધું છોડ્યું હતું, એમણે જવાહરલાલની અડધી રાતે આઝાદીની ઘોષણા સાંભળી હશે ત્યારે તેમનું અંગેઅંગ કેવું નાચી ઊઠ્યું હશે !

એને ભાન મુક્તિ તણું થયું
ઐનું દૈન્ય ક્યાં ટપકી પડ્યું ?
એનું દિલ-ગુલાબ ઝૂલી રહ્યું:
એના મસ્તકે નમવાનું ભૂલી આભ-શું માંડી આંખડી,
એની ઊર્મિ રાંક મટી રૂડા જગબાગમાં રમવા ચડી
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા...

સ્વાતંત્ર્યવીરોએ આ આઝાદી મેળવવા માટે પોતાના દિલ-દિમાગને કેટલા તૈયાર કર્યા હશે ! કેવો પ્રેમ હશે એમને આ વતનની માટી માટે !

પડું કેદખાનાને ઓરડે,
લટકુંયે ફાંસીને દોરડે
લાખો ગોળી તોય તણી ગડે,
તારો હાથ હોય લલાટ, તો ભલે
આવે જુલ્મ તણી ઝડી !
તારું નામ હોય જબાન, તો શી છે ભીતિ, ઓ મારી માવડી !
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા...

પરિસ્થિતિ કંઈ આજના જેવી ફુલગુલાબી નહોતી. શેરીમાં પોલીસના બૂટ ખખડતા હતા અને ઘરમાં સ્વજનોના હોઠ બબડતા હતા. ચારેબાજુ મૂંઝવણનો મહાસાગર ઘૂઘવતો હતો !

કાળી રાત ચોગમ ઘૂઘવે,
લાખો શાપ બંધુજનો લવે,
વા'લા વેરી થૈ રોવો-મૂંઝવે,
છૂપ્યા ચંદ્ર-સૂરજ-તારલા, મધસાગરે મારી નાવડી,
ત્યાંયે જોઉં દૂર ઝબૂકતી, તારા દ્વારની ઝીણી દીવડી
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા...

દેશની આઝાદીની સૌથી વધુ જરૂર અમીર ઉદ્યોગપતિઓને હોય છે. પણ એની ખરી કિંમત વતનના ગરીબ-રાંક-શોષિત-પીડિત-ત્રાહિત અને સદાયે ભૂખ્યા રહેતા લોકોને હોય છે. એનાં ગીતો સીમાપારના સમદુખિયા પણ ગાય છે.

મારા દેશના સૌ શોષિતો,
દુનિયાના પીડિતો-તાપિતો,
ખૂણે ખૂમે ગાય તારાં ગીતો,
એનાં ભૂખ્યાં પેટ છતાં એને કેવી મોંઘી તું, કેવી મીઠડી !
એનાં બેડીબંધન તૂટશે, એવી આશે ખલ્ક બધી ખડી.
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા...

આવા ભારતમાતાનાં અનેક મુક્તિગાન ગાનારા શ્રી ઝવેરચંદ મેઘાણીનો જન્મદિવસ પણ ઑગષ્ટ માસની ૨૮ તારીખે છે. ક્રાંતિવીરોને ઑગષ્ટ કેટલો વહાલો ! અનેક શૂરવીરોનો જન્મદિવસ ઑગષ્ટ માસમાં આવતો હશે અને મૃત્યુદિન નહીં પરંતુ શહાદતનો દહાડો તો ઑગષ્ટ માસ હજારો-લાખોની સંખ્યામાં સંઘરીને બેઠો હશે ! છઠ્ઠી ઑગષ્ટે જગતનો પહેલો અણુબૉમ્બ ફૂટ્યો, બીજો ફૂટ્યો બે દિવસ પછી. ભારતમાં પણ કેટલી છાતીઓ વિંધાઈ હશે આ મહિનામાં ! એમનાં બલિદાનો એળે નથી ગયાં. મળી આપણને આ મહામૂલી આઝાદી. ફિટકાર છે એ લોકોને જેઓ હજુ ખૂણેખાંચરે બોલે છે : 'આમના કરતાં અંગ્રેજોનું રાજ સારું હતું.' માનનીય શ્રી મેઘાણીભાઈએ એટલે કહ્યું હતું કે 'ભલે અમને નાદાન ગણજો, પંથભૂલેલા માનજો, બેવકૂફ કહેજો પણ બિચારા કહેશો નહીં. અમારી બેવકૂફીયે કદી સંભારશોને ?'

અગર બહેતર, ભૂલી જજો અમારી યાદ ફાની !
બૂરી યાદે દુભવજો ના સુખી તમ જિંદગાની;
કદી સ્વાધિનતા આવે - વિનંતી ભાઈ છાની:
અમોનેયે સ્મરી લેજો જરી, પળ એક નાની !

આઝાદીના એ તમામ આશકોને એક નહીં, સો-સો સલામ ! આપણે તો જીવતા છીએ આ મુક્ત સ્વતંત્ર દેશમાં, એટલે બોલી શકીશું, 'ભારત માતા કી જય.'